**(1) તાજેતરમાં કોમનવેલ્થ દેશો માટે પ્રસિદ્ધ થયેલાં ગુલામી (Slavery) પરના રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ રિપોર્ટ CHRI અને 'વોક ફ્રી' નામની સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(2) આધુનિક ગુલામી (Modern Slavery)માં રહેતાં કુલ લોકો પૈકી આશરે 40% લોકો કોમનવેલ્થ દેશોમાં રહે છે.
(3) ભારત પાસે આધુનિક ગુલામી સમક્ષ લડવા માટેની કોઈ સંસ્થા કે કોઈ રાષ્ટ્રીય એકશન પ્લાન નથી.
(4) ભારતે ILOનું ડોમેસ્ટીક વર્કર્સ કન્વેન્શન અમલમાં મુકેલું છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 30 જુલાઈએ લોકોની ગેરકાયદેસર હેરફેર વિરુદ્ધનો વૈશ્વિક દિવસ (World Day Against Trafficking in Persons) હતો. આ દિવસ નિમિત્તે CHRI (કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિસિએટીવ) તથા વોક ફ્રી (Walk Free) નામની સંસ્થાએ ગુલામી વિશેનો રિપોર્ટ જાહેર કરેલો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ કોમનવેલ્થ દેશોએ વર્ષ 2018માં આધુનિક ગુલામીને 2030 સુધીમાં અંત કરવાના પ્રોમિસ કરેલાં હતાં. આ રિપોર્ટ આ બાબતમાં થયેલ પ્રોગ્રેસનું મૂલ્યાંકન કરે છે.

⇛ વિશ્વમાં આધુનિક ગુલામીની પરિસ્થિતિમાં રહેતાં કુલ લોકો પૈકી આશરે 40% લોકો કોમનવેલ્થ દેશોમાં રહે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ રિપોર્ટ મુજબ, ભારતે સહકારની બાબતમાં ખૂબ જ ખરાબ પ્રદર્શન કરેલું છે. ભારત પાસે આધુનિક સમયની ગુલામી સમક્ષ લડવા માટેની કોઈ રાષ્ટ્રીય સહભાગી સંસ્થા કે કોઈ રાષ્ટ્રીય એકશન પ્લાન નથી. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ એશિયામાં રહેલા અન્ય કોમનવેલ્થ દેશો અને ભારતે 2011ના ILO (આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા)નું ડોમેસ્ટીક વર્કર્સ કન્વેન્શન અથવા તો 2014નો ફોર્સ્ડ્ લેબર પ્રોટોકોલ અમલમાં મુકયો નથી. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ શોષણ (exploitation)ની કેટલીક પરિસ્થિતિઓનો સમાવેશ આધુનિક ગુલામીમાં થાય છે. કોઈ વ્યકિત ધમકી, હિંસા, બળજબરી અને સત્તાના દૂરઉપયોગના કારણે કોઈ જગ્યાએથી નીકળી શકતો નથી. તેમને નાણાકીય બંધનમાં, ઘરેલું નોકર (તેમની ઈચ્છાથી વિરુદ્ધ) કે દેહના વ્યાપારમાં ફસાવી દેવામાં આવે છે.

## (2) બ્લેક રેઈન (કાળા વરસાદ) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) જાપાનમાં પરમાણુ બોમ્બના વિસ્ફોટ બાદ આ પરિસ્થિતિ જોવા મળી હતી.

(2) આ વરસાદમાં વાદળ, પાણી કે વરાળ હોતા નથી.

(3) આ વરસાદમાં રેડીયોએક્ટિવ તત્ત્વો મોટા પ્રમાણમાં હતાં.

(4) આ વરસાદ દ્વારા અસરગ્રસ્ત ઘણાં લોકોને કેન્સર પણ થયેલું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ આવનારી 6 તથા 9 ઓગસ્ટે જાપાનના પરમાણુ વિસ્ફોટની 75મી વર્ષગાંઠ છે. ઉપરાંત તાજેતરમાં હિરોશીમાની એક કોર્ટ દ્વારા 'બ્લેક રેઈન' દ્વારા બચી ગયેલાં કેટલાંક લોકોની ઓળખ કરવામાં આવી છે કે જેને મફત આરોગ્ય સારવાર આપવામાં આવશે.

⇛ પરમાણુ બોમ્બના કારણે વિનાશ થયેલી ઈમારતોના ઘટકો તથા કાળો ધુમાડો (Soot) રેડિયોએક્ટિવ ઘટકો સાથે ઊંચ્ચે ગયો હતો અને વાતાવરણની વરાળ સાથે ભળતા વાદળનું નિર્માણ થયું હતું. આ ઘટકો વરાળ સાથે મિશ્ર થયા બાદ ઘાટ્ટા રંગના પ્રવાહી છાંટા તરીકે વરસાદના સ્વરૂપે નીચે પડયા હતાં, જેને બ્લેક રેઈન કહેવાયો હતો. (આથી, વિધાન (1) સાચું છે જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ કેટલાંક લોકો કે જે આ ઘટનામાંથી બચ્યા હતાં તેમણે જણાવેલું છે કે આ વરસાદના ટીપાંઓ સામાન્ય વરસાદ કરતાં વધુ ભારે, વધુ મોટા અને ગ્રીઝ (grease) જેવાં હતાં.

⇛ આ વરસાદમાં રેડિયોએક્ટિવ તત્ત્વો ખૂબ જ મોટા પ્રમાણમાં હોવાથી તેની સાથેના સંપર્કથી ગંભીર બિમારીઓ જોવા મળી હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ વરસાદ દ્વારા Acute Radiation Symptoms (ARS) તથા કેન્સર જેવાં રોગ લોકોમાં જોવા મળ્યા હતાં. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ વરસાદ 'ગ્રાઉન્ડ ઝીરો'થી 29 kmની ત્રિજ્યામાં ફેલાયો હતો તેમ 1945માં જાણવા મળ્યું હતું પરંતુ આ અસરગ્રસ્ત વિસ્તારની સીમાઓ વધુ હતી તેમ સમયાંતરે જાણવા મળ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) બિલિરુબીન (bilirubin) નામના પદાર્થ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ એક પીળા રંગનો પદાર્થ છે જે લોહીમાં હોય છે.
(2) રેડ બ્લડ સેલ (લાલ રકતકોષ)ના બ્રેકડાઉન બાદ તે ઉદ્દભવે છે.
(3) નવજાત શિશુમા બિલિરુબીનનું ઓછું પ્રમાણ તેમના મગજ માટે ખતરારૂપ હોય છે.
(4) તાજેતરમાં નવજાત બાળકોમાં આ પદાર્થનું સ્ક્રીનીંગ કરવા માટે 'AJO-Neo' નામનું ઉપકરણ IIT-મદ્રાસના સંશોધકો દ્વારા બનાવવામાં આવ્યું છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં કોલકાતાના એસ. એન. બોઝ નેશનલ સેન્ટર ફોર બેઝીક સાયન્સ (SNBNCBS)ના સંશોધકોએ નવજાત બાળકોમાં બિલિરુબીનનું પ્રમાણ માપવા માટે 'AJO-Neo' નામનું ઉપકરણ વિકસાવ્યું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ SNBNCBS એ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ (DST) હેઠળની સ્વાયત્ત સંશોધન સંસ્થા છે.

⇒ બિલિરુબીન એ પીળાશ પડતો પદાર્થ છે જે લોહીમાં જોવા મળે છે. તે રેડ બ્લડ સેલના બ્રેકડાઉન બાદ નિર્માણ પામે છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇒ બાળકોમાં મગજને ડેમેજ કરનાર ઘટનાઓનો એક પ્રકાર 'kernicterus' છે. આ પરિસ્થિતી બાળકોના લોહીમાં બિલિરુબીનનું પ્રમાણ વધુ હોય ત્યારે સર્જાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ આથી, બાળકોમાં બિલિરુબીનનું સ્ક્રીનીંગ કરવું જરૂરી બને છે. 'AJO-Neo' દ્વારા ડોકટરો માત્ર 10 સેકન્ડમાં પોતાની ટેસ્ટનું પરીણામ જાણી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) સુભાષચંદ્ર બોસ આપદા પ્રબંધન પુરસ્કાર માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) ભારત સરકાર 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ' ક્ષેત્રે કરેલા ઉત્કૃષ્ટ કાર્ય બદલ સંસ્થાઓ અને વ્યકિતને આ એવોર્ડ આપે છે.

(2) આ એવોર્ડનું નિયમન NDMA દ્વારા કરવામાં આવે છે.

(3) આ એવોર્ડ નેતાજી સુભાષચંદ્રની જન્મજયંતિના દિવસે જાહેર કરવામાં આવે છે.

(4) એવોર્ડમાં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ કે જેણે ભારતમાં સારું કાર્ય કર્યું હોય તે પણ ભાગ લઈ શકે છે.

(A) માત્ર (1) અને (3)  (B) માત્ર (2), અને (4)

(C) માત્ર (2)  (D) માત્ર (1), (2) અને (3)

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ ભારત સરકારે વર્ષ 2021 માટેના 'સુભાષચંદ્ર બોસ આપદા પ્રબંધન પુરસ્કાર' માટે અરજીઓ મંગાવી છે. આ પુરસ્કાર માટે 31 ઓગસ્ટ, 2020 સુધીમાં અરજી આપી શકાશે.

⇛ આ એવોર્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રે સંસ્થાઓ કે વ્યકિતએ કરેલા ઉત્કૃષ્ટ કાર્યને બિરદાવવા માટે આપવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ એવોર્ડનું નિયમન NDMA (નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી) દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ એવોર્ડ દર વર્ષે નેતાજી સુભાષચંદ્રની જન્મજયંતી (23 જાન્યુઆરી)ના રોજ જાહેર કરવામાં આવે છે .(આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ એવોર્ડ માટે માત્ર ભારતીય નાગરિકો તથા ભારતીય સંસ્થાઓ જ નામ નોંધાવી શકે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ ઉપરાંત સંસ્થાઓને મળેલાં રોકડ ઈનામ (51 લાખ)નો ઉપયોગ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓમાં જ કરવો પડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) ICCPR વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેનું પૂરુંનામ International Covenant on Civil and Political Rights છે.
(2) આ એક મલ્ટીલેટરલ સંધિ છે જેને સંયુકત રાષ્ટ્રોની સામાન્ય સભા (UNGA) દ્વારા અપનાવવામાં આવેલી છે.
(3) આ સંધિનું મોનિટરીંગ સંયુકત રાષ્ટ્ર માનવ અધિકાર કમિટી (UNHRC) દ્વારા કરવામાં આવે છે.
(4) ICCPRએ માનવ અધિકારના આંતરરાષ્ટ્રીય બિલનો ભાગ છે.

(A) માત્ર (2) અને (3)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (1), (2) અને (3)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ તાજેતરમાં UNHRC (સંયુકત રાષ્ટ્ર માનવ અધિકાર કમિટી)એ જણાવ્યું છે કે, શાંતિપૂર્વક દેખાવો (Peaceful Protest) કરવાં, તે ઓનલાઈન હોય કે વ્યકિતગત, તે મૂળભૂત માનવ અધિકાર છે. આ સૂચના વિશ્વમાં ચાલી રહેતા રાજકીય હક્કો તથા રંગભેદ માટેના ન્યાય જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આપવામાં આવી છે.

⇒ UNHRCનું કાર્ય ICCPRનું અમલ દેશો કેવી રીતે કરે છે તેનું મોનિટરીંગ કરવાનું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ ICCPRનો અનુચ્છેદ 21 લોકોને શાંતિપૂર્વક ભેગા થવાનો અધિકાર આપે છે.

⇒ ICCPRનું પૂરુંનામ International Covenant on Civil and Political Rights છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ એક મલ્ટીલેટરલ સંધિ છે જે સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા (UNGA) દ્વારા અપનાવવામાં આવી હતી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ માનવ અધિકારના આંતરરાષ્ટ્રીય બિલ (International Bill of Human Rights)ના 3 ભાગ છે.

- ICCPR
- યુનિવર્સલ ડિક્લેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ
- International Covenant on Economic, Social and Cultural Rights

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT